# પરીક્ષાઓ જીવન કારકિર્દીનું એક સોપાન છે : શિક્ષણ મંત્રી





## ધોરણ-૧૦ અને ૧૨ના પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર પર પુષ્પગુચ્છ અર્પણ કરી શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ રાજય મંત્રી નાનુભાઈ વાનાણી અને જયદ્રથસિંહ પરમારે શુભકામનાઓ પાઠવી

ગાંધીનગર, તા. ૧૫

પરીક્ષાઓ વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારર્કિદી માટે જીવનનું એક સોપાન છે, ત્યારે વિદ્યાર્થીઓ આજથી શરૂ થયેલી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ શાંત અને સ્વસ્થ ચિત્તે આપે તેવી અપીલ સાથે શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને પરીક્ષાઓમાં સફળતાપૂર્વક ઉત્તીર્ણ થવાની શુભકામનાઓ પાઠવી હતી. આજે ગાંધીનગર ખાતે સેકટર-૨૩ની સ્વામિનારાયણ ગુરૂકૂળ શાળામાં

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પરીક્ષાર્થી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભકામનાઓ પાઠવી હતી. એજ રીતે શિક્ષણ રાજય મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી તથા શ્રી જયદ્રથસિંહ પરમારે પણ ગાંધીનગરની અલગ અલગ શાળાઓમાં ઉપસ્થિત રહી પુષ્પગુચ્છ અર્પણ કરી શુભકામનાઓ પાઠવી હતી.

પરીક્ષાઓ શાંતિમય વાતાવરણમાં યોજાય અને કોઈપણ પ્રકારની ગેરરીતિ ન આચરાય તે માટે તમામ જિલ્લાઓમાં વહીવટી તંત્રે સંપૂર્ણ વ્યવસ્થા કરી હોવાનુ જણાવી શ્રી ચુડાસમાએ ઉમેર્યુ હતુ કે, રાજય સરકારે તેજસ્વી વિદ્યાર્થીઓની ચિંતા કરી પરીક્ષાઓમાં તેમની મહેનતનું ખૂબ જ સુંદર પરિણામ મળે તેવી વ્યવસ્થા કરી છે ત્યારે વિદ્યાર્થીઓએ કોઈપણ જાણની ચિંતા અનુભવવાની જરૂર નથી. ૬૦,૨૨૯ બ્લોક ઉપર ૧૦૦ ટકા સી.સી.ટી.વી. કેમેરા અને ટેબલેટસની વ્યવસ્થા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી છે. તેને કારણે પરીક્ષાઓમાં ગેરરીતિની સંભાવનાઓ નથી.

એસ.ટી.ના કર્મચારીઓની ચાલી રહેલી હડતાલનો ઉલ્લેખ કરતાં શિક્ષણ મંત્રીશ્રીએ એસ.ટી.ના કર્મચારીઓને હદયસ્પર્શી અપીલ કરતા જણાવ્યુ હતુ કે, એસ.ટી.ના કર્મચારીઓના પ્રશ્નો અંગે રાજય સરકાર સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી રહી છે ત્યારે લાખો વિદ્યાર્થીઓના હિતમાં એસ.ટી.ના કર્મચારીઓ પોતાની હડતાલ સમેટી લે તેવી મારી અપીલ છે. પ્રશ્નોનો ઉકેલ તો આગામી દિવસોમાં પણ આવી શકે છે, પરંતુ કુમળા અને આર્થિક દ્રષ્ટિએ ગરીબ એવા હજારો વિદ્યાર્થીઓ બસની સુવિધાના અભાવના કારણે પરીક્ષાથી વંચિત ન રહી જાય તેની તકેદારી રાખવાની આપણા સૌની ફરજ હોવાથી આપણે સૌ તેમના પ્રત્યે સંવેદના રાખીએ.

શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે એલ.ડી.આરપી.એન્જીનીયરીંગ કોલેજ, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે જયાં રાજયમાં ચાલતી પરીક્ષાઓનું કમ્પ્યુટરાઈઝડ સીસ્ટમ દ્વારા મોનીટરીંગ થઈ રહયુ છે તેની પણ મુલાકાત લઈને આ કામગીરી અંગે સંતોષ વ્યકત કર્યો હતો.

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વાર્ષિક રમતોત્સવ યોજાયો





ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડા ખાતે તાજેતરમાં કેજીથી ધોરણ-૧૧ સુધીનાં તમામ બાળકો માટે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ લીંબુ ચમચી, મટકા ફોડ, સંગીત ખુરશી, રસ્સા ખેંચ, ૧૦૦ મીટર દોડ, ગોળા ફેંક, મહેંદી સ્પર્ધા તથા ક્રિકેટ જેવી રમતોમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. તમામ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા પ્રમાણપત્રો એનાયત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ‘વિયોગ’ના સંવેદનશીલ ડાયાસ્પોરિક સર્જક રાહુલ શુક્લનો વિષાદયોગ







## માત-પિતાના બંધનથી છૂટો નથી પડ્યો હું, જીવું છું એમની ‘વિયોગ’ની વેદનામાં

અમેરિકામાં વસતા ડાયાસ્પોરિક સર્જક રાહુલ શુક્લ સાથે સંવેદનાની વાતો અને પેલે પારની દુનિયામાં જઈને એમના માત-પિતાના સંવાદને ‘વિયોગ’ પુસ્તકમાં સમાવીને જે અશ્રુઓનો અભિષેક કર્યો છે એને ‘સર્જક સાથે ગોષ્ઠિ’ કરાવીને ગુજરાત સાહિત્ય અકાદમીએ તાજેતરમાં એક લેખક-સર્જક અને ભાવક વચ્ચે મસ્ત નાતો બાંધવાનું કામ કરી આપ્યું.

ગુર્જર ડાયાસ્પોરા એવો શબ્દ હમણાંથી વાંચવા-સાંભળવામાં આવે છે. આ ડાયાસ્પોરા એટલે શું ? યહુદીઓ હિજરત કરતા હતા એને ડાયાસ્પોરા કહેતા હતા, એને વિસ્તૃત રીતે જોઈએ તો ડાયાસ્પોરા એટલે વેરવિખેરતા, સંચિત સ્મૃતિઓ, વિખૂટા પડવું કે છૂટા પડવું, જીવન પધ્ધતિ, આસ્થા-માન્યતાઓ અને ખાસ એટલે માતૃભૂમિ માટે આદર અને ઝુરાપો. એટલે વતનથી વિચ્છેદ પામીને વિદેશમાં રહેનારા ગુજરાતીઓની પીડા વ્યક્ત કરતું સાહિત્ય એટલે ગુજરાતી ડાયાસ્પોરા સાહિત્ય... મોરારીબાપુના સાહિત્ય મહાકુંભ એવા અસ્મિતા પર્વમાં પણ ડાયાસ્પોરા સાહિત્યના ચર્ચા કરવામાં આવી હતી.

અમેરિકામાં વસતા રાહુલ શુક્લ વ્યવસાયે ઍન્જિનીયર-ટૅકનોક્રેટ છે, પણ સ્વભાવે સંવેદનશીલ, વિચારશીલ અને બુદ્ધિજીવી છે. તેઓ ન્યૂ જર્સીમાં એક ઉદ્યોગપતિ તરીકે જ નહીં પણ ગુજરાતી વાર્તાકાર અને એક સુંદર વક્તા તરીકે જાણીતા છે. મજાની અને ગૌરવની વાત એ છે કે એમની ઍસઍસ વ્હાઈટ કંપનીમાં તૈયાર થતી ફ્લૅક્સિબલ શાફટ એ દુનિયાના ૯૮ ટકા ઍરોપ્લેનમાં ફિટ થાય છે. એમની શુક્લ મૅડિકલ ઑર્થોપેડિક ઈમ્પ્લાન્ટ બહાર કાઢવા માટે દુનિયાની મોખરાની કંપની છે. આટલો ધીખતો ધંધો હોવા છતાં સાહિત્યના પ્રેમના કારણે તેઓ અમેરિકામાં બિઝનેસમેન વિથ હાર્ટ તરીકે ઓળખાય છે.

વિયોગ પુસ્તક એ મનમાં ઊઠતી પીડાની મનોસૃષ્ટિ છે. અત્યંત પ્રભાવક માતા-પિતાના નિધન પછી જાગૃત અવસ્થામાં મનમાં ઊઠતા ભાવો અને ઊંઘમાં આવતાં સ્વપ્નોની નોંધપોથીમાંથી પુસ્તક પ્રગટ્યું છે. જ્યારે એ વાત વાંચીએ કે સાંભળીએ ત્યારે અનાયાસે આપણા મૃત કે જીવંત માતા-પિતા સાથે આપણો સ્મૃતિનાતો જોડાઈ જાય છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને ગાર્ડી રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ ફૉર ડાયાસ્પોરા સ્ટડીઝના ડૉ. બળવંત જાનીએ વિયોગની સર્જનગાથા અને સંવેદનશીલતાની અસ્ખલિત વાતો માંડી હતી અને એટલી જ ભાગ્યે જ જોવા મળતી લંબાણપૂર્વકની પ્રસ્તાવના પણ માંડી છે. ડાયાસ્પોરા સર્જકમાં ગાંધીનગરના જ ‘કુમારની અગાશી’ અને ‘સંતુ રંગીલી’ના સર્જક મધુ રાય અને પન્ના નાયકનું નામ અગ્રસ્થાને છે. રાહુલ શુક્લના આ સર્જનથી તેમનું નામ ટૂંક સમયમાં જ ડાયાસ્પોરિક સર્જકમાં આવી ગયું છે અને કડક વિવેચકોએ પણ બિરદાવ્યું છે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જ્હાએ વિયોગનાં ૪૫ પ્રકરણ પૈકી ટૉક થ્રુ મી અને ખુલાસાની વાત સાથે ગોચર-અગોચરની વાત કરી હતી. ગાંધીનગરના મારા મિત્ર ડૉ. પ્રણવ જોષીપુરા પણ ડાયાસ્પોરાનું પોતાનું પેપર બેલ્જિયમ, જર્મની જેવા દેશોમાં રજૂ કરીને પોતાના વિચારો માંડી આવ્યા છે.

રાહુલ શુક્લના અન્ય એક મહત્ત્વના પરિચય એટલે તેઓ સુરેન્દ્રનગરના ‘સમય’ સાપ્તાહિકના તંત્રી સ્વ. ભાનુભાઈ શુક્લના પુત્ર છે અને આ પુસ્તક તે એમની વિયોગ




thorat1239@gmail.com

વેદના પર લખાયું છે. સ્વ. ભાનુભાઈ શુક્લ સાથેનાં સંસ્મરણો આ કાર્યક્રમની સહયોગી સંસ્થા ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ પણ વાગોળ્યાં હતાં.

માતા-પિતા માટેની સંવેદના સૌને થતી હોય છે અને એમાંય જ્યારે સતતના સહવાસ બાદ અચાનક ખાલીપો આવે ત્યારે એ ડૂસકાં બનીને કે ડૂમો બનીને ભરાઈ જાય છે. રાહુલ શુક્લૌ એમની વાતમાં કહ્યું કે ‘મને થાય છે તેવાં સંવેદનો મારા જેવા અનેક લેખકોએ અનુભવ્યાં હશે. આથી જો આ યાતનાનું વિગતપૂર્ણ વર્ણન કરું તો બીજાની યાતનાને વાચા આપતો હોઉં એવું લાગે. આ લખવાથી મારું દુખ તો ઓછું થશે, સાથે વાંચનારાનાં હૃદયમાં જે બાકોરાં પડ્યાં હશે તે બુરાશે.’ આ પુસ્તક વાચકને લેખકના હૃદયમાં ઊતરવા જાણે આમંત્રણ આપે છે.

એમનાં અનેક પ્રકરણમાં છેક છેલ્લે ‘ભાઈએ એમનાં અવસાનનો અહેવાલ લખ્યો હોત તો...’ અને ‘શ્રધ્ધાંજલિ વક્તવ્ય’માં એમના પિતા એટલે કે ભાઈનો સંગીતપ્રેમ, ચિત્રપ્રેમ, ફોટોગ્રાફી, વૃતાંતલેખન અને ધર્મનાં જડ વલણોનો અસ્વીકાર દેખાય છે. ‘ભાઈ આંખો ખોલે’માં બે-ત્રણ જીવલેણ પ્રસંગોનું બયાન છે અને તે અશ્રુ પરનો કાબૂ ગૂમાવવા કાબેલ સાબિત થયાં છે. એમની વાતોમાં બોલચાલના શબ્દો અને કહેવતો પણ દેખાય છે. વિદેશમાં વસીને માતા-પિતાના વિયોગને શબ્દ સ્વરૂપે પ્રસ્તુત કરવાના અને એને સાહિત્ય સર્જક સમક્ષ મૂકવાના આ કાર્યક્રમનું સંચાલન પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીએ વાતનો તંતુ પકડી રાખીને કર્યું. કાર્યક્રમ અગાઉ મળેલી ક્ષણો એમણે લેખક સાથે વિતાવી અને એ વાતો સુપેરે પ્રસ્તુત કરી.

ડાયાસ્પોરિક સર્જક રાહુલ શુક્લએ એમનાં પત્ની મીના રાવલ અને પુત્ર આકાશ સાથે પધારીને પારિવારીક વાતો કરી હતી. વિયોગમાં એમણે આલેખેલો વિષાદયોગ અશ્રુનો અભિષેક કરાવે એ સર્જકની સંવેદનાનું પરિણામ છે. વતનના એક શેર સાથે જ વિરામીએ -

ઘર, ગામ કે વતનથી છૂટો નથી પડ્યો હું, જીવું છું હું વિદેશમાં, ગુજરાતી વ્યાકરણમાં

## ડાયરેક્ટ ❤ સે

એક પારસી ડૉક્ટરના દવાખાને લખેલી બે લાઈન-
દવામાં મજા નહીં
ને મજા જેવી કોઈ દવા નહીં

## ૨૦થી ૨૪ દરમિયાન અમદાવાદ ખાતે ‘સાહિત્ય પંચામૃત’

ગાંધીનગર, તા. ૧૫

ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આગામી તારીખ ૨૦થી ૨૪ માર્ચ દરમિયાન અમદાવાદ ખાતે ‘સાહિત્ય પંચામૃત’ નામે વિશિષ્ટ સાહિત્યિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં ઓમ કૉમ્યુનિકેશનના મૅનેજિંગ ટ્રસ્ટી મનીષ પાઠકે જણાવ્યું છે કે આત્મા હૉલ (મીલ ઑનર્સ બિલ્ડીંગ ઑડિટોરીયમ), સિટી ગોલ્ડ સિનેમા સામે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે સોમવારથી શુક્રવાર સાંજે ૬.૦૦ કલાકે આયોજિત આ કાર્યક્રમના માધ્યમથી ગુજરાતી ભાષા સાહિત્યના ભાવકો અને ચાહકો, મધ્યકાલીન યુગ, સુધારક યુગ, પંડિત યુગ, ગાંધી યુગ, અનુગાંધી યુગ, આધુનિક યુગ અને અનુઆધુનિક યુગ વિશે અને દરેક યુગના સર્જકો વિશે ઊંડાણથી પરિચય કેળવી શકાય એ આયોજનનો મુખ્ય હેતુ છે.

સળંગ પાંચ દિવસ ચાલનારા આ કાર્યક્રમમાં આપણી ભાષાના વિદ્વાન અને અભ્યાસી વક્તાઓ દરેક યુગ વિશે અને યુગપ્રતિનિધિ સર્જક વિશે વક્તવ્ય આપશે. જાણીતા દરેક કવિ દરેક યુગના સર્જકોની જાણીતી કવિતાનો પાઠ અને ગદ્યખંડોનું પઠન પણ કરશે. ગુજરાતી સાહિત્યના ભાવકો અને ચાહકોને આ કાર્યક્રમ માણવા તેમણે ઈજન પાઠવ્યું છે.



સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૩, ગાંધીનગર ખાતે છેલ્લાં પંદર દિવસથી દર શનિવારે ધોરણ-૧ થી ૭નાં તમામ બાળકોને નિફ્ટ દ્વારા જુદી-જુદી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. ફૂટબોલ, વોલીબોલ, કથ્થક નૃત્ય, વાર્તાની સમજ, કાપડ પેઈન્ટિંગ, બાળગીત, અભિનય ગીત વગેરેની તાલીમ બાળકોને આપવામાં આવી રહી છે. બાળકો ઉપરાંત શિક્ષકો પણ આ પ્રવૃત્તિમાં રસપૂર્વક ભાગ લે છે.

## ઍમ બી પટેલ સ્કૂલમાં શુભેચ્છા સમારોહ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ ખાતે ધોરણ-૮ની ૩૫૪ વિદ્યાર્થીનીઓ માટે શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓએ આ પ્રસંગે પોતાના શાળા કાળનાં સ્મરણોને વાગોળ્યાં હતાં. ધોરણ-૮ના વર્ગશિક્ષકો, સુપરવાઈઝર્સ અને આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થીનીઓને શુભાશિષ પાઠવ્યા હતા. સંસ્થા તરફથી શુભેચ્છા રૂપે વિદ્યાર્થીનીઓને પૅન આપવામાં આવી હતી.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારી યાદગાર સ્કૂલ’**